Received on : 03-03-2026
Registered on : 03-03-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 09

# જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૧૬૫/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** સ્મીત ઉર્ફે ભુરો દિનેશભાઈ કાપડી,
ઉ.વ.આ.૨૪,ધંધો-હિરા ઘસવાનો,
રહે. મું.બગડુ, તા.જી.જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબ.

**સંદર્ભ :-** જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૬૦૦૯૨/૨૬.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી વાય.એમ.ઠાકોર
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૬૦૦૯૨/૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી),

૨૦(બી)(૨)(બી),૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદાર ડી.વી.બાલાસરા, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી વાય.એમ.ઠાકોરનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર/આરોપી સામે જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૫૨૬૦૦૯૨/૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. અરજદાર/આરોપીની તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે અને ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામે ગુનામાં સંડોવાયેલ ગાંજાનો જથ્થો ધ્યાને લેતા ૩.૭૫૦ કિલોગ્રામ રહેલ છે. આમ, આ કામે કોમર્શીયલ કવોન્ટીટી કરતા ઓછો ગાંજાનો જથ્થો રહેલ છે. વધુમાં હાલના કામની ફરીયાદ મોડી આપવામાં આવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીની ઉંમર નાની રહેલ છે તેમજ અરજદાર/આરોપી હીરા ઘસવાનું કામ કરે છે. તેમજ અરજદાર/આરોપી જુનાગઢના બગડુ ગામના રહેવાસી છે જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી રાજસ્થાન મુકામેથી માદક પદાર્થ લાવી અને જુનાગઢ ખાતે વેચેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. તેમજ આ કામે અરજદાર/આરોપી સામે અન્ય ગુનો પણ નોંધવામાં આવેલ છે. આમ, ગુનાની ગંભીરતા તથા માદક પદાર્થનો જથ્થો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે .

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી ડી.વી.બાલાસરા, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૬ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત વનસ્પતિ જન્ય પદાર્થ ગાં જો (કેનાબીસ) વેચાણ કરવા અર્થે મેળવી છુટક વેચાણ કરવા અર્થે જુનાગઢ તરફ આવતા રેઈડ દરમ્યાન (૧) વનસ્પતિ જન્ય પદાર્થ ગાંજો (કેનાબીસ) ૩.૭૫૦ કિલોગ્રામ કિં.રૂા.૧,૮૭,૫૦૦/– તથા (ર) રેડમી કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિં.રૂા.૫૦૦૦/– તથા (૩) રોકડા રૂા.૧૧૦૦/– તથા (૪) બેંગ ફોન ૧ કિ.રૂા.૧,૯૩,૮૦૦/– સાથે પકડાઈ જઈ ગુનો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૬) હાલના કામેનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપી પાસેથી રેઈડ દરમ્યાન માદક પદાર્થ ગાંજો (કેનાબીસ) ૩.૭૫૦ કિલો ગ્રામ નો જથ્થો મળી આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સં ડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. તેમજ આ કામે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આવા પ્રકારના ગુના કરવાની માનસીકતા ધરાવતા વ્યકિતઓને પ્રોત્સાહન મળી શકે તેમ છે. ફરીયાદપક્ષે હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. વધુમાં

માદક પદાર્થના સેવનના કારણે તે વ્યકિત તો બરબાદ થાય છે જ પણ સાથે સાથે તેનો આખો પરીવાર પણ બરબાદ થઈ જાય છે. તેમજ હાલના કામનો ગુનો એક સામાજીક ગુનો છે. વધુમાં વ્યકિત આવા પ્રકારના માદક પદાર્થના સેવન તળે અન્ય ગંભીર પ્રકારના ગુના આચરવા માટે પ્રેરાઈ છે અને ઘાતકીપણાના કૃત્યો કરવામાં આવતા હોવાના કિસ્સા પણ દિનપ્રતિદિન વધતા જાય છે. વધુમાં આવા નશાના કારણે વ્યકિત તેનો આદી બની જતા તેવી નશાની આદત છુટી શકતી નથી અને તેવી વ્યકિત કોઈપણ ભોગે આવા નશીલા પદાર્થ મેળવવાનો પ્રયત્ન કરતી હોય છે અને તેને માટે આવા પ્રકારના ગુના જેવા કે લુંટ વગેરે મુજબના ગુનાઓ આચરતી હોય છે. જેથી ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

- હાલના અરજદાર/આરોપી સ્મીત ઉર્ફે ભુરો દિનેશભાઈ કાપડી, રહે. મું.બગડુ, તા.જી.જુનાગઢવાળાની જુનાગઢ તાલુકા પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૫૨૬૦૦૯૨/૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
(સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ)
જૂનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)